દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

બુધવાર ૧૬ એપ્રિલ, ૨૦૨૫

# મેહુલ ચોકસીને પ્રત્યાર્પણથી ભારત લાવવાનું સરળ નહીં હોય

દેશભરમાં જેણે ચકચાર મચાવી હતી તેવું બેંક કૌભાંડ કરીને ભાગતા ફરતા હીરાના વેપારી મેહુલ ચોકસીની બેલ્જિયમમાં ધરપકડ થઇ છે. પીએનબી બેંક સાથે રૂ. ૧૩૦૦૦ કરોડ કરતા વધુની બેંક લોન છેતરપિંડી કેસમાં તેની સંડોવણી બદલ ભારતીય તપાસ એજન્સીઓ દ્વારા તેના પ્રત્યાર્પણની વિનંતીના પગલે તેની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં ચોકસીના ભત્રીજા એવા હીરાના વેપારી નિરવ મોદી પછી બીજા મુખ્ય શકમંદ સામેનું આ પગલું સીબીઆઇ અને ઇડી દ્વારા કરવામાં આવેલ પ્રત્યાર્પણની વિનંતીના આધારે ભરવામાં આવ્યું છે. નીરવ મોદી હાલ યુકેની જેલમાં છે. ભારતને પ્રત્યાર્પણ કરવા સામેની તેની તમામ અરજીઓ યુકેની કોર્ટોમાં ખારીજ થઇ ગઇ છે પરંતુ રાજકીય આશ્રય માટેની તેની અરજી હજી પેન્ડિંગ પડેલી હોવાથી હજી સુધી તેનું ભારતને પ્રત્યાર્પણ કરવામાં આવ્યું નથી. હવે જ્યારે મેહુલ ચોકસીની બેલ્જિયમમાં ધરપકડ થઇ છે ત્યારે તેને પણ પ્રત્યાર્પણથી ભારત લાવવાનું સરળ નહીં હોય તે સ્પષ્ટ જણાય છે. ૬૫ વર્ષીય ચોક્સી ગયા વર્ષે બેલ્જિયમમાં જોવામાં આવ્યો હતો જ્યારે તે તબીબી સારવાર કરાવવા માટે ત્યાં ગયો હતો. ભારત છોડ્યા પછી તે ૨૦૧૮ થી એન્ટિગુઆમાં રહેતો હતો. હાલ તે કેટલાક સમય પહેલા બેલ્જિયમમાં રહેવા જતો રહ્યો હતો. મેહુલ ચોકસી ભારતમાંથી તેનું કૌભાંડ બહાર આવતા ૨૦૧૮માં ભારતથી ભાગ્યો તે પછી ભારત સરકારની વિનંતીના આધારે મેહુલ ચોકસી સામે ઇન્ટરપોલે અગાઉ રેડ કોર્નર નોટિસ કાઢી હતી પણ તે બાદમાં ડીલીટ કરી નાખવામાં આવી હતી. કેટલાક સૂત્રોના જણાવ્યા પ્રમાણે મેહુલ ચોકસીના પ્રયાસોથી જ આ નોટિસ રદ થઇ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ઉદ્યોગપતિ દ્વારા કરવામાં આવેલી રજૂઆતનું વિશ્લેષણ કર્યા પછી, વૈશ્વિક પોલીસ સંસ્થા દ્વારા થોડા સમય પહેલા તેમની ધરપકડ માટે ઇન્ટરપોલ રેડ નોટિસ કાઢી નાખવામાં આવી હતી. ત્યાર બાદથી ભારતીય એજન્સીઓ પ્રત્યાર્પણ માર્ગ દ્વારા તેને લાવવાના પ્રયાસો કરી રહી હતી. જો કે, આ ભાગેડુ મેહુલનું પ્રત્યાર્પણ કરાવવું મુશ્કેલ કાર્ય સાબિત થઈ શકે છે. મેહુલ ચોક્સી વિરુદ્ધના કેસમાં ફરિયાદ કરનારાઓમાંના એક હરિપ્રસાદે જણાવ્યું હતું કે પ્રત્યાર્પણ કરવું સરળ કાર્ય નહીં હોય કારણ કે આરોપી ઉદ્યોગપતિ પાસે વકીલોનો કાફલો છે, જેના કારણે તે અગાઉ પણ કાયદાથી બચી શક્યો હતો. પ્રત્યાર્પણ કરવું સરળ કાર્ય નથી. ચોક્સીની પાસે અઢળક નાણા છે, અને વિજય માલિયા જે કરી રહ્યા છે તે રીતે તે યુરોપના શ્રેષ્ઠ વકીલોને પોતાના બચાવ માટે રોકશે. જ્યારે તે એન્ટિગુઆ (ડોમિનિકા) અને અન્ય ટાપુઓમાં પકડાયો હતો, ત્યારે પણ તે તેમાંથી બહાર નીકળી શક્યો કારણ કે તેની પાસે વકીલોનો કાફલો હતો. ભૂતપૂર્વ રાજદ્વારી કેપી ફેબિયનએ કહ્યું કે ભારત પ્રત્યાર્પણની વિનંતી કરી શકે છે, પરંતુ નિર્ણય બેલ્જિયમ સરકારના હાથમાં છે. તેમણે એમ પણ કહ્યું કે ચોક્સી પ્રત્યાર્પણને પડકારવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે અને કોર્ટમાં અપીલ કરી શકે છે. યુરોપના દેશોની અદાલતો મોટેભાગે માનવ અધિકારોના મામલે ખૂબ સતર્કતાથી કામ લે છે અને આપણા ઘણા ભાગેડૂઓ આ જ કારણોસર પ્રત્યાર્પણ ટાળવામાં સફળ રહ્યા છે. હવે મેહુલ ચોકસીને ક્યારે અને કેવી રીતે લાવી શકાય છે તે સમય જ જણાવશે.

## સરળ કામ કે અઘરું કામ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક યુવાન ખૂબ જ તાકાતવર પહેલવાન હતો. રોજે રોજ કસરત કરી પોતાની જાતને તંદુરસ્ત રાખતો. પોતાની શક્તિ અને બળથી તે જાતે જ વાકેફ હતો. પરંતુ આ યુવાન પોતાની શક્તિ, પોતાની તાકાત સારા માર્ગે વાપરવાને બદલે ખોટા માર્ગે વાપરતો. અન્ય લોકોના બીજા સાથેના ઝઘડા માટે વચ્ચે પડી માર ધાડ કરતો. રોજે રોજ સવાર સાંજ કોઈને ને કોઈ સાથે ક્યાંક ને ક્યાંક મારામારી કરતો. દાદાગીરી કરતો. યુવાનના આવા વર્તાવથી તેની છાપ ચારે બાજુ ખરડાઈ રહી હતી. બધા મોટે ભાગે તેનાથી દૂર રહેવાનું જ પસંદ કરતા હતા. યુવાનના વડીલોએ યુવાનને રોજ ઝઘડા ન કરવા, મારામારી ન કરવા માટે ખૂબ સમજાવ્યો પરંતુ યુવાનના વર્તનમાં કોઈ સુધારો થતો ન હતો. પહેલવાન યુવાન રોજે રોજ ઝઘડા કરતો, મારામારી કરતો. તેનો સ્વભાવ પણ રોજે રોજ વધુ ને વધુ ગુસ્સાવાળો થતો જતો હતો અને તે લોકોથી દૂર થતો જ ત ો હતો. યુવાનને સમજાવવા માટે હવે તેના વડીલો



પ્રખ્યાત ચિંતક સોક્રેટિસ પાસે ગયા. બધી પરિસ્થિતિ સમજાવી યુવાનની સતત ગુસ્સે થવાને કારણે,રોજેરોજ મારામારી કરવાને કારણે થતા નુકસાન વિશે યુવાનને સમજણ આપવા માટે વિનંતી કરી. સોક્રેટીસે કહ્યું, ભલે તેને મારી પાસે મોકલજો. હું તેને સમજાવીશ. બીજે દિવસે સવારે યુવાન સોક્રેટિસને મળવા માટે આવ્યો. તેમણે યુવાનને જોયો. ઊંચા કદ કાઠી અલમસ્ત પહેલવાન જેવું શરીર. તેમણે યુવાનને પૂછ્યું, 'તું બળવાન અને બહુ તાકાતવાળો છે પણ હવે હું તને જે પૂછું એનો ખૂબ જ વિચાર કરીને સમજણપૂર્વક મને જવાબ આપજે.'યુવાને કહ્યું, 'હા પૂછો, તમે જે પૂછશો તેનો હું મારી સમજણ પ્રમાણે જવાબ આપીશ.'સોક્રેટીસે કહ્યું, 'કોઈ તારા જેવો યુવાન જે ખૂબ તાકાતવર પહેલવાન હોય તે આવીને તને ગાલીગલોચ કરે, મુક્કો મારે તો તું શું કરે? તને કયું કામ અઘરું લાગે પેલા યુવાનને સામે મુક્કો મારવાનું કે પછી તે સમયે પોતાના બંને હાથ ખિસ્સામાં રાખી, શાંત રહી, તે જે બોલે તે સાંભળી લેવાનું અને હસીને આગળ વધી જવાનું?' યુવાન બે ઘડી વિચારમાં પડી ગયો. પછી તેણે વિચારીને જવાબ આપ્યો. બંને હાથ આવા સમયે ખિસ્સામાં રાખી મૂકવાનું કામ મને અઘરું લાગે કારણ કે હું તો પળવારમાં સામેવાળાને મુક્કો મારી સહેલાઈથી નીચે પાડી દઉં. મુક્કો મારવાનું કામ જ સહેલું પડે. સોક્રેટીસે કહ્યું, 'મને તારો આ જવાબ હશે તેની તો ખબર જ હતી પણ હવે તું મને કહે કે તારા જેવા વીર બહાદુર યુવાને કેવું કામ કરવું જોઈએ? સાવ સહેલું કે અઘરું કામ કરવું જોઈએ. યુવાન બોલ્યો, આમ તો મને ચેલેન્જ લેવી ગમે છે એટલે અઘરું કામ જે હોય તો તે જ કરવું જોઈએ.'અને યુવાન પોતાનો જ જવાબ સાંભળીને વિચારમાં પડી ગયો.જવાબ સાંભળતાં જ યુવાનની આંખો ઉઘડી ગઈ અને યુવાને પછી ધીરજ, શાંતિ અને ક્ષમાના ગુણો કેવી રીતે મેળવવા તે વિશે સેક્રેટિસને જ માર્ગ દેખાડવાની વિનંતી કરી.

# ભાગેડુ મેહુલ ચોકસી ભારત પાછો ક્યારે આવે છે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી છે. ચોક્સી પર તેના ભત્રીજા નિરવ મોદી, તેની પત્ની અમી મોદી અને તેના ભાઈ નીશાલ મોદી સાથે મળીને સરકારી પંજાબ નેશનલ બેંકમાં 12,636 કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ છે. 2018માં ચોક્સી ભારતમાંથી ભાગી ગયો હતો અને એન્ટિગુઆની નાગરિકતા લીધી હતી. બેલ્જિયમ પોલીસ દ્વારા તેની ધરપકડ ભારત સરકાર માટે એક મોટી સફળતા છે. વિપક્ષ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર ચોક્સી જેવા કૌભાંડના આરોપીઓને ભારતમાંથી ભાગી જવા દેવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ચોક્સીની ધરપકડ સાથે તેમની સરકાર બતાવી શકે છે કે તેણે આ બાબતે સખત મહેનત કરી છે. ભારતની સંપત્તિની દૃષ્ટિએ બીજા ક્રમની સૌથી મોટી સરકારી ધિરાણકર્તા પંજાબ નેશનલ બેંકે 2018માં જાહેરાત કરી હતી કે જેણે દેશના નાણાંકીય ક્ષેત્રને હચમચાવી નાખ્યું. આ કથિત છેતરપિંડી મુંબઈની એક જ શાખામાં થઈ હતી અને તેમાં અબજોપતિ ઝવેરી નિરવ મોદી અને તેના મામા ચોક્સી સહિત હાઈ પ્રોફાઈલ વ્યક્તિઓ સામેલ હતા. ચોક્સી ભારતમાં એક સમયે પ્રખ્યાત જ્વેલરી બ્રાન્ડ ગીતાંજલિ જેમ્સ લિમિટેડનો માલિક હતો. કૌભાંડ શું હતું? નિરવ મોદી અને મેહુલ ચોક્સીએ કેટલાક ઠગ બેંક-અધિકારીઓ સાથે મળીને કપટપૂર્ણ લેટર ઓફ અંડરટેકિંગ મેળવવા માટે બેંકની સિસ્ટમમાં હેરફેર કરી હોવાનો આરોપ છે, જેનાથી તેઓ ટ્રેડ ફાઈનાન્સની આડમાં મોટી રકમ ઉપાડી શક્યા. બેંકે 29 જાન્યુઆરી, 2018ના રોજ આરબીઆઈમાં તેનો પહેલો છેતરપિંડીનો અહેવાલ દાખલ કર્યો હતો અને ત્યાર બાદ સીબીઆઈમાં એક ફોજદારી ફરિયાદ કરવામાં આવી હતી. 7 ફેબ્રુઆરીના રોજ બીજો છેતરપિંડીનો અહેવાલ અને સીબીઆઈ ફરિયાદ નોંધવામાં આવી હતી.

13 ફેબ્રુઆરી સુધીમાં નિરવ મોદી ગ્રુપ, ગીતાંજલિ ગ્રુપ અને ચંદ્રી પેપર એન્ડ એલાઈડ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પણ કથિત મની લોન્ડરિંગની સમાંતર તપાસ શરૂ કરી હતી.

એલઓયુ, જે ભારતીય બેંકોની વિદેશી શાખાઓમાંથી વ્યાવસાયિક હેતુઓ માટે ટૂંકા ગાળાના ધિરાણની સુવિધા માટે જારી કરાયેલ બેંક ગેરંટી છે. તે કૌભાંડમાં મુખ્ય સાધન બની હતી. આ એલઓયુ સામાન્ય છૂટક વ્યવહારો સામે જારી કરવામાં આવતા નથી અને તેનો ઉપયોગ વ્યવસાય અથવા વેપાર વ્યવહારો માટે થાય છે. તપાસકર્તાઓનું કહેવું છે કે, નિરવ મોદીએ માર્ચ 2011માં મુંબઈમાં પીએનબીની બ્રેડી હાઉસ શાખામાંથી આ એલઓયુ મેળવવાનું શરૂ કર્યું હતું. ત્યાર બાદનાં 6 વર્ષોમાં તે 1,212 ગેરંટી મેળવવામાં સફળ રહ્યો - તે જ સમયગાળા દરમિયાન તેની કંપનીઓને જારી કરાયેલા 53 એલઓયુ કરતાં ઘણો વધારે. બેંકનાં આંતરિક સૂત્રો, જેમાં તત્કાલીન ડેપ્યુટી જનરલ મેનેજર ગોકુલનાથ શેટ્ટી સહિત બેંકની અંદરનાં લોકોની મિલીભગતના કારણે વર્ષો સુધી આ છેતરપિંડીનો ખુલાસો થયો ન હતો, જેમણે કથિત રીતે આ ગેરંટીઓ જારી કરવા માટે કોર બેંકિંગ સિસ્ટમને નજરઅંદાજ કરી હતી. તેઓએ ભારતીય બેંકોની વિદેશી શાખાઓમાંથી લોન મેળવવા માટે 1.77 બિલિયન ડોલર અથવા 11,400 કરોડની ગેરંટી મેળવી હતી અને દાવો કર્યો હતો કે મોતી આયાત કરવા માટે રોકડની જરૂર છે. મોતી જેવા માલની આયાત કરવા માટે ભંડોળનો ઉપયોગ કરવાને બદલે કથિત રીતે ડાયવર્ટ અને લોન્ડરિંગ કરવામાં આવ્યું હતું. હકીકતમાં ચોક્સી બેલ્જિયમના એન્ટવર્પમાં તેની પત્ની પ્રીતિ ચોક્સી સાથે રહેતો હતો, જેની પાસે બેલ્જિયમની નાગરિકતા છે. ચોક્સી પાસે કથિત રીતે 'એફ રેસીડેન્સી કાર્ડ' પણ હોવાનું કહેવાય છે અને તે કેન્સરની સારવાર મેળવવાના બહાને એન્ટિગુઆથી બેલ્જિયમ ગયો હતો. તેણે પોતાની ભારતીય અને એન્ટિગુઆની નાગરિકતા પણ છુપાવી દીધી હતી. તે સારવાર માટે સ્વિટ્ઝર્લૅન્ડ ભાગી જવાની યોજના બનાવી રહ્યો હતો ત્યારે બેલ્જિયમ પોલીસે તેને પકડી લીધો.

આ કૌભાંડ બહાર આવ્યાના થોડાં અઠવાડિયાં પહેલાં ચોક્સી જાન્યુઆરી 2018માં ભારતમાંથી ભાગી ગયો હતો. તેણે 2017માં એન્ટિગુઆ નાગરિકતા મેળવી લીધી હતી. ઈડીએ આરોપ લગાવ્યો હતો કે, ''ચોક્સી, તેની કંપની ગીતાંજલિ જેમ્સ અને અન્ય લોકોએ ચોક્કસ બેંક અધિકારીઓ સાથે મળીને પંજાબ નેશનલ બેંક સાથે છેતરપિંડીનો ગુનો કર્યો હતો, જેમાં છેતરપિંડીથી એલઓયુ (લેટર્સ ઓફ અંડરટેકિંગ) જારી કરવામાં આવ્યા હતા અને નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કર્યા વિના એફએલસી (ફોરેન લેટર ઓફ ક્રેડિટ) વધારીને બેંકને ખોટું નુકસાન પહોંચાડ્યું હતું.'' ઈડીએ અત્યાર સુધીમાં ચોક્સી સામે ત્રણ ચાર્જશીટ દાખલ કરી છે. સીબીઆઈએ પણ તેમની સામે આવી જ ચાર્જશીટ દાખલ કરી છે. ચોક્સીને અગાઉ 2021માં ડોમિનિકામાં ક્યુબા પહોંચવાનો પ્રયાસ કરતી વખતે અટકાયતમાં લેવામાં આવ્યો હતો, પરંતુ બ્રિટિશ પ્રિવી કાઉન્સિલે તેમને રાહત આપતાં 51 દિવસ જેલમાં વિતાવ્યા બાદ છોડી મૂકવામાં આવ્યો હતો. તે સમય દરમિયાન તેણે દાવો કર્યો હતો કે તે રાજકીય ષડયંત્રનો ભોગ બન્યો છે અને ઈડી જેવી ભારતીય એજન્સીઓ પર તેમની મિલકતો ગેરકાયદે જપ્ત કરવાનો આરોપ લગાવ્યો હતો. દેખીતી રીતે, ચોક્સીએ તબીબી સારવાર માટે માનવતાવાદી આધારો આપીને બેલ્જિયમ સરકારને ગેરમાર્ગે દોરી હતી અને પોતાના દાવાઓને સમર્થન આપવા માટે બનાવટી અને ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો.

ઈડી કહે છે કે તેણે પોતાની ભારતીય કે એન્ટિગુઆ નાગરિકતાનો ત્યાગ કર્યો નથી, પરંતુ તેમ છતાં બેલ્જિયમના અધિકારીઓ પાસેથી એફ રેસિડેન્સી કાર્ડ માટે અરજી કરી હતી, જે તેણે સફળતાપૂર્વક મેળવી લીધી હતી.

જ્યારે ભારતીય અધિકારીઓને ખબર પડી કે ચોક્સી તેના સ્ટેટસને એફ+ રેસિડેન્સી કાર્ડમાં અપગ્રેડ કરવાની યોજના બનાવી રહ્યો છે, જેના કારણે બેલ્જિયમથી પ્રત્યાર્પણ વધુ મુશ્કેલ બનશે, ત્યારે તેના પ્રત્યાર્પણની વિનંતી કરવા માટે ઝડપથી કાર્યવાહી કરી. જવાબમાં, બેલ્જિયમના અધિકારીઓએ તેના એફ રેસિડેન્સી કાર્ડને એફ+ સ્ટેટસમાં રૂપાંતરિત કરવાનું અટકાવી દીધું.

ચોક્સીએ સ્વિટ્ઝરલેન્ડમાં એક વિશેષ કેન્સર સુવિધા, હિર્સલેન્ડેન ક્લિનિક આરાઉ ખાતે કેન્સરની સારવાર માટે અરજી કરી હતી. તેણે લગભગ પ્રવેશ મેળવી લીધો હતો અને મોટા ભાગની જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરી હતી.

જો કે, તે બેલ્જિયમ છોડે તે પહેલાં તેને એન્ટવર્પના અધિકારીઓ દ્વારા કામચલાઉ કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. સ્વિટ્ઝર્લૅન્ડમાં તેણે ફરીથી તેની સ્વાસ્થ્ય સ્થિતિ અને માનવતાવાદી આધારો ટાંકીને તાત્કાલિક તબીબી સારવાર માટે પણ અરજી કરી હતી.

બેલ્જિયમના અધિકારીઓ દ્વારા ચોક્સીની ધરપકડ મુંબઈ કોર્ટ દ્વારા 2018 અને 2021માં જારી કરાયેલા બે બિનજામીનપાત્ર વોરંટના આધારે કરવામાં આવી છે. જો કે, ભારત માટે તેને ભારત પરત લાવવાની પ્રક્રિયા આસાન રહેશે નહીં. ચોક્સી પાસે માત્ર ઘણા પૈસા જ નથી, પરંતુ સારા વકીલોનો કાફલો પણ છે.

ચોક્સી અને નિરવ મોદીને સંડોવતા પીએનબી કૌભાંડનો પર્દાફાશ કરનાર વ્હિસલબ્લોઅર હરિપ્રસાદ એસવીએ જણાવ્યું હતું કે, ભારત તેમને પાછા મેળવવામાં ઘણો સમય લાગી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# સાવધાન રહો ને જાણકાર બનશો તો સાયબર ક્રાઈમથી બચશો

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

જેમ જેમ કોમ્પ્યુટર પ્રકારનાં ડિજીટલ ઉપકરણોનો વપરાશ વધતો જાય છે તેમ તેમ તેને લગતા ગુનાઓની સંખ્યા પણ વધી રહી છે. જો કે ખૂન, લૂંટ, ચોરી પ્રકારના ગુનાઓ કરતાં સાઈબર ક્રાઇમની કાર્યપદ્ધતિ (મોડસ ઓફ ઓપરેંડી) સાવ જુદા પ્રકારની છે. આથી જ તો વર્ષ ૨૦૨૪માં એકલા ભારતમાં ૨૩ લાખથી વધુ ઓનલાઈન ફ્રોડ નોંધાયા છે. ૮૫% થી વધુ આર્થિક કારણો સાથે સંકળાએલા ગુનાઓ વરચ્યુઅલ સિસ્ટમથી થતા હોય. પોલીસ વિભાગ પણ મહદ્ અંશે સહાનુભૂતિ અને ગુમાવેલ રકમ પરત આવશે તેવા અધિકારો આપવા સિવાય કંઈ વધુ મદદ કરી શક્તો નથી.

કોઈ અજ્ઞાત નામ અને સ્થળથી એક નાના સીમકાર્ડ અને મોબાઈલ પ્રકારના સાધનથી ભલા-ભોળા માણસની નબળાઈને હેક કરીને તેના બેંક એકાઉન્ટમાં ઘૂસીને પૈસાની ઉઠાંતરી કરનાર દેખીતા ચાલક પણ માણસાઈથી પરવારી ગયેલાં યુવકોની આજે ભરમાર વિકસી છે ત્યારે ઈન્ટરનેટ વાપરતી પ્રત્યેક વ્યક્તિએ જ હવે આર્થિક સાક્ષરતા અપનાવવી જરૂરી બને છે. ૫૦ના દાયકામાં અમેરિકામાં જાણીતી બનેલ માફિયા વોર દરમિયાન હથિયારના જોરે ગુંડાઓ ઉદ્યોગ ધંધાના માલિકોના કાયદેસરનાં નાણાં અસામાજિક કાર્યો માટે ઉઠાવતાં આવા જ હેતુ માટેની પ્રવૃત્તિ આજે સાઈબર ક્રાઈમ તરીકે વિકસી છે. પ્રથમ નાગરિકોને ઈ-મેઈલ કે ટેક્સ મેસેજથી મોટાં ઈનામોની લાલચ આપી જાણીતી કંપનીઓના સ્કેન કરેલા લોગો વાપરી લાલચમાં ફસાવી દેવામાં આવે છે. યુવા વયને સાયબર પોર્નોગ્રાફીથી ફસાવવામાં આવે છે તો ઈન્જીનિયરીંગ, ડોક્ટરી, ચાર્ટડ એકાઉન્ટન્ટ અને સિવિલ વર્કનાં શિક્ષણ તેમજ ડીઝાઈનના અભ્યાસો સાથે સંકળાએલ વિદ્યાર્થીઓને સોફ્ટવેર પાયરસીની જાળમાં ફસાવી દેવામાં આવે છે.

આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ કે પછી ચૂંટણી કાર્ડ જેવી વ્યક્તિની અંગત માહિતી બેંક, પોસ્ટ અને સરકારી વિભાગોના લાલચુ કર્મચારીઓ થોડા લાભ માટે વહેંચી નાખે છે. તેથી સાયબર ગુનેગારો તમારાં નામ-ગામ-ઉંમર, જાતિ અને કુટુંબીજનોની ઓળખ જેવા આત્મિક સંબંધો આગળ ધરી વ્યક્તિગત હિતનો રંગ પાથરવામાં સફળ રહે છે. અનેક કિસ્સાઓમાં મોબાઈલ પર લાંબી-લાંબી વાતો અને ઓનલાઈન ચેટીંગ કરનારના પીસમાં આસાની હેકર્સ દ્વારા પ્રોગ્રામ ઈન્સ્ટોલ કરી નાખવામાં આવે છે. આથી વાયરસ પછીથી કોમ્પ્યુટરના બેક ગ્રાઉન્ડમાં કાર્યરત રહે છે. ઓફીસના ટેબલ પર પડી રહેલ લેપટોપ, ફોનના ઉપયોગથી સાયબર ટેરેરીઝમ અને વેબસાઈટ હેક થવાની ફરિયાદો વધી રહી છે.

વર્ષ ૨૦૧૧ સુધી વ્યક્તિલક્ષી સાયબર ક્રાઈમ હવે સલામી એટેના નામથી સામુહિક રીતે સીસ્ટમ ઉપર વાર કરી રહ્યો છે. ઉદાહરણ રૂપે બેંકમાં ૮% વ્યાજ તરીકે રૂા. ૧૦૦.૨૬ પૈસા જમા થવાની જગ્યાએ ૨૬ પૈસા ઓછા જમા થશે. રોકાણકાર આવી ભૂલ સહજ રીતે નજરઅંદાજ કરી દે છે. પણ ભારતની રાષ્ટ્રીયકૃત બેંકોમાં એક જ દિવસમાં કરોડો ધારકોના સંદર્ભમાં આ રકમ અબજોમાં જતી રહે છે. સાઈબર બુલીંગ દ્વારા શાળામાં કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓમાં હતાશા તેમ વિશિંગ પ્રકારના વાયરસથી ઓન લાઈન ખરીદીનો આધાર લેનાર કરોડો સ્ત્રીઓમાં કોઈ એક પ્રોડકટ કે કંપની માટે નબળો અભિપ્રાય તૈયાર કરી તેનું વેચાણ બજારને ઠેકાણે કરવાનું કાર્ય પણ સાયબર ક્રિમિલ્સ કરી રહ્યાં છે.

બિહારના એક નાનકડા ગામ જામતારા; નામથી જ કાસ્ટ થએલ વેબ સિરિઝમાં પોતીકી ભાષા, કામુક અને લાલચની ભાષામાં ફસાવવામાં આવતાં વૃદ્ધો, નેતાઓ, યુવકો, ગૃહિણીઓના અનેક કિસ્સાઓ દર્શાવાયા છે. પરંતુ જમીની દુર્દશા એ રહે છે કે આધારકાર્ડની ફોટો કોપી આપનારથી લઈ જથ્થાબંધ સીમકાર્ડ વેચનાર સાથોસાથ બેંક, પોલીસ અને ચુંટાએલા નેતાઓની છત્રછાયામાં યુવકો માઈલો દૂરથી સાયબર ક્રાઈમ સફળ રીતે યોજી રહ્યાં છે. વૈશ્વિક સ્તરે વિસ્તરેલા સાયબર ક્રાઈમને નાથવો અનિવાર્ય છે. પરંતુ કાયદો અને વ્યવસ્થાના રાજ્ય સ્તરીય નિયમો આખા દેશમાં અમલી કરવાનું મુશ્કેલ છે. તેમ રાષ્ટ્રીય નિયમો આંતરરાષ્ટ્રીય સરહદો તોડવા ટૂંકા પડે છે.

આ વાસ્તવિક્તા વચ્ચે હવે મોબાઈલ, કોમ્પ્યુટર પ્રકારની વરચ્યુઅલ સેવા વાપરનારે જ જાતે કાળજી લેવી પડશે જેવી કે અલગ અલગ મેઈલ કે ઓન લાઈન શોપિંગ એકાઉન્ટ માટે અલગ અલગ પાસવર્ડનો ઉપયોગ કરો, પાસવર્ડમાં આંકડા, એ ટુ ઝેડ(આલ્ફાબેટ) અને સ્પેશ્યલ કેરેક્ટર જેવા કે, <>!@»$%|*() નો તથા અપર કેસ-લોઅર કેસનો એક સાથે અચૂક ઉપયોગ કરવો. તમારી જન્મતારીખ, જન્મસ્થળ, વાહન નંબર, મોબાઈલ નંબર જેવી સાર્વજનિક બાબતોનો પાસવર્ડ તરીકે ક્યારેય ઉપયોગ કરવો નહીં. કોમ્પ્યુટરમાં હંમેશા લાયસન્સ એન્ટી-વાયરસ સોફ્ટવેર સાથે એન્ટીસ્પાયવેર સોફ્ટવેર પણ ઈન્સ્ટોલ કરવો અને તેને નિયમિત કંપનીની ઓફિશ્યલ વેબસાઈટ અથવા સોફ્ટવેરમાં આપેલી લીંક પરથી જ અપડેટ કરવો. ઓન લાઈન બેન્કીંગ અથવા ઓન લાઈન શોપિંગ હંમેશા તમારા વિશ્વસનીય પીસી પરથી જ કરવું. ક્યારેય પણ પબ્લીક પીસી/સાયબર કાફે / અજાણ્યા પીસીથી કરવું નહીં. સોશ્યલ નેટવર્કીંગ વેબસાઈટ્સ પર ક્યારેય સાચી વિગતો કે અસલ ફોટાઓ મૂકવા નહીં. એક વાત ખાસ યાદ રાખો કે, વિશ્વની કોઈ પણ બેન્ક ક્યારેય પણ પોતાનાં ખાતેદારોને ઈ-મેઈલ દ્વારા પાસવર્ડ કે એકાઉન્ટની સીક્યુરીટી અપડેટ કરવા જણાવતી નથી. જેથી ક્યારેય પણ મેઈલમાં આવેલી અજાણી લીંક પર કલીક કરવું નહીં. વિશ્વમાં ક્યારેય પણ કોઈ મફત આપતું નથી માટે લકી ડ્રો કે અઢળક ઈનામના લલચામણા મેઈલ કે ટેકસ મેસેજનો રીપ્લાય આપવો નહીં. જો તમોએ કોઈ વિશ્વસનીય વેબસાઈટ પરથી પણ ઓન લાઈન શોપીંગ કરવાનો આગ્રહ રાખવો. તમારી બેન્ક કઈ ગાઈડલાઈન અપનાવી રહેલ છે તેની રૂબરૂમાં મુલાકાત લઈ વિગત મેળવો, એ.ટી.એમ. મશીન પર પીન નંબર દાખલ કરતી વખતે તમારા એક હાથનું કવર બનાવી જે હાથે પીન નંબર દાખલ કરતા હોય તેને ઢાંકી રાખે.

આજ કાલ યુવાન સ્ત્રીઓને પણ સ્ટોકીંગ દ્વારા ત્રાસ આપવામાં આવે છે. ધર્મ વિરુદ્ધની પરિસ્થિતિમાં ફસાવી દેવામાં આવે છે. આવા બ્લેક મેઈલથી બચવા જે નંબરો પરથી કોલ્સ કે મેસેજ આવતા હોય તે નોંધી રાખો. તેવા નંબરોને બ્લોક કરી નાખો, તમારો ગુસ્સો કે તમારો કોઈ પણ પ્રકારનો પ્રતિભાવ સ્ટોકરની હિંમત વધારશે. માટે તેના ઈ-મેઈલ, ટેકસ મેસેજ કે અન્ય સંદેશાઓનો જવાબ ન આપો, હંમેશા ભીડભાડવાળા વિસ્તારમાંથી આવવા-જવાનું પસંદ કરો, શંકા પડયે તમારા વડીલો કે ભરોસાના મિત્રને જાણ કરો, સ્થિતિ વણસતી જણાય તો તુરત જ પોલીસને જાણ કરો, તમારો ફોન નંબર બદલી જૂનો નંબર ચાલુ રાખો અને તેમાં સ્ટોકર તરફથી આવતા મેસેજીસ સેવ રાખો જેથી પોલીસને તપાસમાં મદદરૂપ થાય. તમારા સોશ્યલ નેટવર્કીંગ એકાઉન્ટનું ફ્રેન્ડલીસ્ટ ચકાસી તેમાં ભળતાં નામવાળાં મિત્રોની યાદી બનાવો અને તે પૈકીનાં સાચાં અને ભરોસાનાં મિત્રથી ખાતરી કરો કે, તેના જ નામવાળી પ્રોફાઈલ તેની જ છે કે અન્ય અજાણ્યા વ્યક્તિની.

ભારત સરકારનું ગૃહ મંત્રાલય મોબાઈલ-ધારકોને સતત ચેતવી રહી છે. રીઝર્વ બેન્ક પણ અમિતાભ જેવી ખ્યાતનામ વ્યક્તિને આગળ રાખી કહે છે ''જાણકાર બનો, સર્તક રહો''. આમ છતાં ન કરે નારાયણ અને સાઈબર ક્રાઈમમાં ફસાઈ જઈએ તો ખ્યાલ રહે, જો આપને કોઈ ફીશીંગ મેઈલ આવેલ હોય અને તે સ્કેમનો ભોગ બની ગયા હો તો તેવા મેઈલ ક્યારેય પણ ડીલીટ ન કરશો કે કોઈને ફોરવર્ડ ન કરશો. આ મેઈલ પોલીસને તપાસ માટે મદદરૂપ થશે.

તમારી પાસે ફોન કોલ્સ દ્વારા ઓટીપી માંગવામાં આવે તો આપવી નહીં અને તેવા ફોન નંબરો તથા બેન્ક એકાઉન્ટ નંબરો નોંધી રાખવા. તમારી પોતાની સોશ્યલ નેટવર્કીંગ વેબસાઈટો પરની પ્રોફાઈલમાં તમોએ આપેલી વિગતો નોંધી રાખવી જેથી બનાવટી પ્રોફાઈલ અને સાચા પ્રોફાઈલ વચ્ચે અંતર કરી શકાય. જે મેઈલ આઈડી પરથી લકી ડ્રો કે ઈનામો અને રૂપિયા જમા કરાવવા અંગેના મેઈલ આવતા હોય તેવા મેઈલ આઈ.ડી. અને બેન્ક એકાઉન્ટની વિગતો નોંધી રાખવી. સોશ્યલ નેટવર્કીંગ વેબસાઈટસ અંગેની ફરિયાદો માટે નજીકનાં સાયબર પોલીસ સ્ટેશનમાં સત્વરે ફરિયાદ કરવી હિતાવહ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિજ્ઞાન કે ધર્મ, કોને મહત્વ આપવું?

દેશમાં જ્યારે ઔરંગઝેબની કબરનો વિવાદ થઈ રહ્યો હતો ત્યારે અમેરિકામા સુનિતા વિલિયમ્સને અવકાશમાંથી ધરતી પર લાવવાની તૈયારીઓ ચાલતી હતી. બંને ઘટનાઓનો ફરક સમજવા જેવો છે. અમેરિકા દૂર આવકાશમાં રહેલી સુનિતા વિલિયમ્સને પૃથ્વી પર લાવવાના પ્રયત્નોમાં મશગૂલ હતો જ્યારે ભારતમાં 325 વર્ષ પહેલાં ગુજરી ગયેલા ઔરંગઝેબની કબર ખોદવામાં... જે દેશ કે એના લોકોનું મુખ ભૂતકાળ તરફ રહેતું હોય એ દેશ ક્યારેય પ્રગતિ કરી શકતો નથી. સુનિતા વિલિયમ્સ અને અન્ય અવકાશયાત્રીઓ જે રોકેટ મારફત ધરતી પર પરત ફર્યા એ રોકેટ અમેરિકાના ઉદ્યોગપતિ એલોન મસ્કનુ હતું. અમેરિકામાં સૌથી વધુ વેચાતી કાર ટેસ્લાના માલિક છે એલોન મસ્ક. સ્ટારલિંક નામની ઈન્ટરનેટ પ્રોવાઈડર કંપની પણ એલન મસ્કની છે. મંગળ ગ્રહ પર માનવ વસાહત માટે તેઓ પ્રયત્નશીલ છે. અમેરિકામાં અત્યારે પાવરફુલ ઉદ્યોગપતિ તરીકે ઉભરીયા આવ્યા છે. એલોન મસ્ક પોતાના નફાનો ઘણો હિસ્સો રિસર્ચ પાછળ ખર્ચી રહ્યા છે અને એટલે જ અમેરિકાના ટોચના ઉદ્યોગપતિઓમાં તેઓ સ્થાન ધરાવે છે. જ્યારે આપણે ત્યાં કેટલાક ઉદ્યોગપતિઓ મંદિરે ભટકવામાં, કરોડો રૂપિયાના દાન આપવામાં અને કરોડો રૂપિયાના ભક્કાદાર લગ્ન સમારંભોનુ આયોજન કરવામાં અને પાંજરાપોળ ખોલવામાં મશગૂલ છે. અમેરિકા આજે કેમ મહાસત્તા છે એ આ તફાવતથી સમજાય એમ છે.

**સુરત - પ્રેમ સુમેસરા**

## ચકલીની જરૂરિયાત ચીન જાણે છે

ચીનમાં ચકલી મારો અભિયાન એક સમયમાં ચલાવવામાં આવેલું. કીટકો, મચ્છર, ઉંદર, ચકલી આ ચાર દુશ્મનો જવાબદાર છે અને બાકી બીમારી ફેલાય છે એમ સમજી આ અભિયાન ચલાવવામાં આવ્યું. એ લોકોને એવું માનવું હતું કે ચકલીઓ ખેતરનો અડધુ અનાજ ખાય જાય છે એનો નાશ કરવો, ચકલી મારો અભિયાનમાં ઈનામો પણ રાખવામાં આવ્યા. ચીનના લોકો પોતાનું કામકાજ પતાવી ચકલી મારવાના પાર્ટ ટાઈમમાં લગી ગયા. નવી રીત શોધી ચકલીઓનો નાશ કરવા લાગ્યા. બે વર્ષમાં તો ચીને ચકલી વિહોણો દેશ બની ગયો. હવે બન્યું એવું કે ઉત્પાદન વધવાને બદલ ઘટવા લાગ્યું, કીટકોનું આક્રમણ થવા લાગ્યું ઉભેલો પાક દવાનો છંટકાવ પણ કારગત ન નીકળ્યો. એ વખતે ચીનમાં બે મરેલી ચકલીઓનો પોસ્ટમોર્ટમ કર્યું તો ખબર પડી કે ચકલીનાં પેટમાં ચોથા ભાગ અનાજનો હતો અને પોણો ભાગ કીટકોનો હતો. હવે આ લોકોને ખ્યાલ આવ્યો કે ચકલીઓ જેટલું અનાજ બગાડતી તેનાથી વધુ બચાવતી હતી. ચીનમાં ભયંકર ભૂખમરો શરૂ થયો મરવા લાગ્યા અને પ્રાણીઓ જંતુઓ જરૂરી છે તેવું લાગતા આ અજ્ઞાનને લઈને એણે સોવિયત સંઘ પાસેથી લગભગ અઢી લાખ ચકલીઓ ખરીદી અને ચીન ફરીથી ચકલી વાળો દેશ બન્યો. આમ ચકલીને મારવાથી પાયમાલ થયેલો એ ચીન ફરી પાછું બેઠું થયું માટે ચકલીઓ ખૂબ જરૂરી છે.

**સુરત - યોગેન્દ્ર પટેલ**

## નવા વેશમાં બહુરૂપી

કિશોરાવસ્થામાં જાદુના ખેલ, સર્કસ અને બહુરૂપીને જોવાનો આનંદ મળતો. આજે આ ત્રણેય કલાઓ નામશેષ થવાને આરે ઉભી છે ત્યારે વાત કરવી છે બહુરૂપીની. બહુરૂપી એટલે અનેક રૂપ ધારણ કરનાર. વેશ પલટો કરનારું માયાવી, નાટકનો અભિનેતા. એક પ્રકારનો વ્યકિત સમુદાય જેમનો ધંધો જુદા જુદા વેશ ધારણ કરી આજીવિકા કમાવવાનો હોય. પ્રસંગ અને તહેવારને ધ્યાનમાં રાખીને રૂપ ધારણ કરી લે અને પોતાના કુટુંબનું ભરપોષણ કરે. આજકાલ તો બહુરૂપી શોધવો મુશ્કેલ બની જાય. અમારા વિસ્તારમાં એક વિકલાંગ બહુરૂપી જોવા મળે, જો કે લોકો બહુરૂપીને નજરઅંદાજ કરીને ફરી જાય છે. માંડમાંડ તેને કોઈ મદદ કરે એ એનું કાર્ય કરતો રહે છે. હા, આજકાલ સજ્જન કોણ અને દુર્જન કોણ? એ ઓળખ કરવી મુશ્કેલ છે. કોણ ક્યારે છેતરપિંડી કરી જાય ખબર પણ ન પડે. માનવી એક, રૂપ અનેક. ત્યારે આપણે લાચાર બની જઈએ. એ બહુરૂપિયો, નરાધમ પણ બની જાય. એ મારો, તમારો અને આપણો જ મિત્ર, સગો કે પાડોશી પણ હોય શકે. જેના પર અતૂટ વિશ્વાસ હોય એજ વિશ્વાસઘાત કરીને ફરી જાય. આવા બહુરૂપિયા ખાસ કરીને જે લોકો નબળા હોય તેને જ શિકાર બનાવે. રકમ બમણી કરી આપું, સોનાની બિસ્કીટ સસ્તી આપું, વિદેશ જવામાં મદદ કરું વગેરે.. ક્યારેક નકલી નોટ કે નકલી સર્ટિફિકેટ પધરાવી જાય. ટૂંકમાં સજ્જન અને દુર્જનની ઓળખ મેળવીને વ્યવહાર કરવામાં સમજદારી છે.

**નવસારી - કિશોર આર. ટંડેલ**

## પેન્શનરોની અધિકૃત સુવિધાઓ

હાલમાં ઘણા પેન્શનરોની જુદી જુદી તકલીફો જાણવા મળી છે, ઘણી તકલીફો મને પણ પડે છે માટે RBI એ તાઃ૧/૦૪/૨૫ ને રોજ અધિકૃત માર્ગદર્શિકા જે બહાર પાડી છે તેમાંની અગત્યની જાણકારીઓઃ શું પેન્શનધારકના મૃત્યુ પછી ફેમિલી પેન્શન માટે જોઈન્ટ એકાઉન્ટ ચાલુ રાખી શકાય? હા, જો પેન્શન ચુકવણી ઓર્ડર (PPO) માં ફેમિલી પેન્શન માટે અધિકૃતતા અસ્તિત્વમાં હોય તેવા જીવનસાથી, નવું ખાતું ખોલવાનો આગ્રહ રાખવો જોઈએ નહીં આ હેતુ માટે ફેમિલી પેન્શનધારક દ્વારા નવું ખાતું ખોલ્યા વિના ફેમિલી પેન્શન હાલના ખાતામાં જમા કરાવવું જોઈએ. (પેન્સરોએ હંમેશા સંયુક્ત નામે જ પેન્શન ખાતું રાખવું જોઇએ.) પેન્શનરો જીવનપ્રમાણનો ઉપયોગ કરીને શાખાની મુલાકાત લીધા વિના જીવન પ્રમાણપત્રો સબમિટ કરી શકે છે, જો પેન્શન મંજૂરી સત્તામંડળ પ્લેટફોર્મ પર હાજર હોય વધુમાં, બેંકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ સુપર સિનિયર સિટીઝન્સ (૭૦ વર્ષથી વધુ ઉંમરના પેન્શનરો) અને દિવ્યાંગ અથવા અશક્ત વ્યક્તિઓને પરિસર/ નિવાસસ્થાને જીવન પ્રમાણપત્ર સબમિટ કરવાની સુવિધા પૂરી પાડે. પેન્શનર જ્યારે સહી કરી શકતો નથી અથવા અંગૂઠા/ પગની છાપ લગાવી શકતો નથી અથવા બેંકમાં હાજર રહી શકતો નથી ત્યારે તેના ખાતામાંથી પેન્શન ઉપાડી શકે છે? હા, જે પેન્શનર ચેક પર સહી કરવા માટે ખૂબ બીમાર છે / બેંકમાં શારીરિક રીતે હાજર રહેવામાં અસમર્થ છે. ચોક્કસ શારીરિક ખામી / અસમર્થતાને કારણે ચેક/ ઉપાડ ફોર્મ પર પોતાના અંગૂઠાની છાપ પણ લગાવી શકતો નથી. આવા પેન્શનરોને તેમના ખાતા ચલાવવા માટે સક્ષમ બનાવવા માટે, બેંકો જ્યાં પણ વૃદ્ધ પેન્શનરનો અંગૂઠો અથવા પગનો છાપ મેળવવામાં આવે છે, ત્યાં બેંકને જાણીતા બે સ્વતંત્ર સાક્ષીઓ દ્વારા તેની ઓળખ કરાવવી, જેમાંથી એક જવાબદાર બેંક અધિકારી હોવો જોઈએ.

**સુરત - રાજેન્દ્ર કર્ણિક**

## ઉનાળો વેકેશન ક્યાં છે

ઉનાળામાં વેકેશન મોજ મસ્તી અને ખુલ્લા ગ્રાઉન ભરેલા રહેતા હતા અને સોસાયટીમાં આખો દિવસ શોર બકોર ઉનાળાનું વેકેશન માણતાં હતાં. હવે આ હિટ વેવ, ઉનાળાનો તાપ પહેલાં કરતાં બમણા ગરમી મજા બગાડી નાખી. બપોરનો ટાઈમ, ઘરમાંથી નીકળવું મુશ્કેલ થઈ ગયું. ઝાડ-ફૂલ-હરિયાળી જાણે લુપ્ત થઈ ગયાં. કોંક્રિટ જંગલ અને જંગલ ઉપર AC ના છોડ લાગી ગયા એવી અનુભૂતિ થાય છે. આ કોંક્રિટ જંગલની પરિસ્થિતિ માનવસર્જીત છે. ભેજ અને ગરમી ભેગાં થાય એટલે પરિસ્થિતિ વધુ ગંભીર બને. ગ્રીન ઝોન વધારો વિસ્તૃત વૃક્ષારોપણ કરીને ઓકસીજન ઝોન બનાવો. દરેક ઘરની બહાર એક ઝાડ હોવું જોઈએ તો જ આવનારી પરિસ્થિતિનો સામનો કરી શકીશું. નહીંતર અર્થકવેક, બેફામ વરસાદ, સાયકલોન અને ગરમીનું પ્રમાણ વધતું જ જશે. નદી, તળાવ સૂકાતાં જશે. પર્યાવરણનું ધ્યાન રાખો. પર્યાવરણ તમારું ધ્યાન રાખશે. વૃક્ષ જે છે તેનું જતન કરો. તેના પર ઘા ન કરો. નહીંતર માનવજીવન મુરઝાઈ જશે.

**સુરત - તુષાર શાહ**